સં

અઘોર

ઉપદેશ

કીંમત

સંગીત.

અઘોરી વર્ણન

અને

ઉપદેશ ધૂનીકા.

બનાવી પ્રસિદ્ધ કરનાર,
રતનચંદ લલુભાઇ, વોહોરા.
ગુજરાત પાટણ.

પ્રથમાવૃતિ.

અમદાવાદ.

"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

મુલ્ય છ આના.

અર્પણ પત્રિકા.

માઢ.

અર્પું ગ્રંથ આ માહારો પ્રેમે સ્વીકારો સરસ્વતિગર માહારાજ,
લીધો આશ્રય તમારો ગ્રંથ આ મારો સ્વીકારો માહારાજ.
યોગીશ્વરના ગુણોએ ગુરૂ કીધો હૃદયમાં વાસ,
ધર્મકૃત્યમાં મગ્ન રહીને કીધો ક્રોધનો નાસ.
દુષ્ટ લોભ સંહાર્યો મોહને માર્યો સરસ્વતિગર માહારાજ,
યોગ્ય જાણીને અર્પવા તમને મનમાં થયો વિચાર,
ચરણ સમીપે મુકું છું ભાવે ગ્રહન કરો આવાર.
અતિ હર્ષ વધારો પાપનિવારો સ્વીકારો માહારાજ.

ગીતી છંદ.

સિદ્ધિવંત ગૂરૂ સાચા વદને વ્યાપી સદા સૂધા વાણી,
વિવિધ ગુણાલંકૃત શ્રિ સરસ્વતિગરજી તપેશ્વરી જાણી;
અર્પું ગ્રંથ ગુરૂશ્રી સ્વીકારશો ધરિ પ્રેમ દયાવંત,
દાસ નામ આ સંગે રાખીને થાઉં કૃતાર્થ યશવંત.

લી.

ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના.

કલ્યાણ.

(શ્રી જગતપતિ—રાહ.)

કવિ નથી હું ખાસ, રચ્યો ધરી ઉલ્લાસ;
પ્રથમ પ્રયાસ માહારો, ન કરશો કોઇ હાસ્ય. ટેક.
ઘણા ગ્રંથને ન્યુસપેપરો, મને વાંચવા પ્યાર;
કરવું કોઇક પુસ્તક માહારે, થયો મંન વીચાર. કવિ નથી. ૧
બનાવવી કોઇ નવીન ચોપડી, પડી ન હોયે બા'ર;
વીષય ધર્મનો લખવો એમાં, જેથી થાય ઉપકાર; કવિ નથી. ૨
અઘોરીનો આશ્રમ છે અહીંયાં, પ્રસિદ્ધ પુરની માંય;
નિત્ય નિયમથી જાવું માહારે, દરશન કરવા ત્યાંય. કવિ નથી. ૩
નીંદ્રા આધીન હતો હું રાતે, થયું સ્વપ્ન સુખદાય;
અઘોરીની વંશાવળી કીધી, કર્યાં તેમનાં કાવ્ય. કવિ નથી. ૪
સ્વપ્ન સમૃતિ થઇ સવારે, આરંભ કર્યો તે વાર;
ભ્રાત આર્યની શેવામાં, મૂક્યું કરી તૈયાર. કવિ નથી. ૫
હ્રસ્વ દીર્ઘ કે કાનો માત્રા, હોય તાળનો દોશ;
તસ્દી લઇ સુધારી વાંચો, કરશો નહિ કોઇ રોશ. કવિ નથી. ૬

હરીગીતછંદ.

ગૂજરાતમાં શ્રી દેવીથિ, પાટણ જૂનું શે'ર છે;
અઘોરી કેરી સર્વેપર, એક સરખી મે'ર છે. ૧
તે તખ્તપર શોભા ભલી, શી વર્ણવું ગૂરૂ તણી;
સહુ દર્શનાર્થે પ્રીતથી, વિચરે હમેશ તે ભણિ. ૨

લાવણી.

(નરશી મેહેતા ભક્ત હરિના.) રાહ.

અણહીલપુર પાટણની મધે, આશ્રમ અઘોરીનો ભારી;
વર્ણન તેનુ કરવા માટે, ઇચ્છા થઇ આજે માહારી. ૧
ઘણાં સ્થાનકો હશે શેહેરમાં, અઘોરીનું છે અમૂલ્ય સ્થાન;
તખ્તપર બીરાજે મહંતો, યોગ ક્રીયામતિમાં ગુણવાન. ૨
અવર જગ્યાને રાજ તર્ફથી, મન માંન્યું મળે વરશાસન;
નીરાધાર આ જગ્યા એકલી, માગી ખાવું મળતું અન. ૩
પણ સૂર્ય સમાન પ્રકાશી રહી છે, જગ્યા રાહુએ બહુ ઘેરી;
આવ્યા ગયા આદર સહુ પામે, કામ ક્રોધ (ના) કદા વેરી. ૪
સહુ સજ્જનને વીનંતી માહારી, ભુલાવો નવ ખાશો ભાઇ;
અઘોરીનાં દરશન કરવાથી, આફ્ત નવ રેહેશે કાંઇ. ૫

વીજય ટેક.

(ક્ષત્રીકલંક કેમ લેશેરે.) રાહ.

શુ, ભટકોછો ભુલ તમે ભ્રાત, અઘોરી ગુરૂ શીર ધારો રે.
તેનું ચરિત્ર વાંચો સાક્ષાત. અઘોરી. ,,
શીશ નમાવતાં કરજો વિચાર. અઘોરી. ,,
ઘણા થઇ ગયા છે ભ્રષ્ટાચાર. અઘોરી. ,,
નીશ કલંકીત અઘોરીનું સ્થાન. અઘોરી. ,,
વંશ પરંપરા ગુરૂ ગુણવાન. અઘોરી. ,,
શેવ કરવા નિયમ ધરો નીત્ય. અઘોરી. ,,
થાશે મનનું ધાર્યુ ખચીત. અઘોરી. ,,

લી.

ગ્રંથકર્ત્તા.

મંગળાચરણ.

ગીતી છંદ.

શ્રી આદીશ્વર સ્વામી અંતરજામિ, મનના અભીરામી;
ગુણગ્રામિ શીર નામિ, વામી ખામી સુમતિને પામી. ૧

(વંદન કરો ઉમીયાવરનું.) રાહ.

સ્તવન કરૂં મા સરસ્વતિનું. (૨)
સાહ્ય થાજે મુજને માડી, કુમતિ નાખો કાહાડી;
નીત્ય નામ જપું પ્રીતે ભારતીનું. સ્તવન કરૂં. ૧
તુજ નામ જપ્યાથી માતા, થાશે સુખસાતા;
વર્ણવું ગુણ જ્ઞાતા, છો વિધાના તમે દાતા;
કરતાં કાવ્ય યાચન કરૂં સુમતિનું. સ્તવન કરૂં. ૨

ગીતી છંદ.

બ્રહ્મપુત્રી શ્રી શારદ, સન્મતિ મુંજને આપ્ય કહું આજે;
કવિતા કરૂં છૂં કોડે, કૃપા કરીને સાહ્યક તું થાજે. ૧
અણહીલપૂરની મધ્યે, ચમત્કારી શ્રી અઘોરીનું સ્થાન;
મહા પુરૂષ બિરાજે, વર્ણન કરવા આપો મુંને જ્ઞાન. ૨

૬૨૯૩

અઘોરી વર્ણન.

ત્રીતાળી ચોપાઇ.

રળીયામણો ગીરી ગીરનાર, સુંદર હવા શીતળતા અપાર;
ઘણે દુરથી રૂડો દેખાય, જલ્દી ભેટવા મન હરખાય.
ગગને પોહોચ્યો વીક્રાળ પહાડ, અતિ બીહામણાં જ્યાં છે ઝાડ,
બળીબોરડી સીતાફળ, આમ્ર વૃક્ષશ્રીફળ ફોફળ.
આવળ બાવળ ખાખર થોર તરૂવર પર ટહુકે મો'ર.
પુષ્પ સુગંધે રહે છે ભ્રમરા વહે નીરમળ નીરના ઝરા;
રહે વાઘ આદી હીંસક પ્રાણી યોગી રાજની ગુફાઓ છાની,
જૈન ધર્મનાં મંદીર વિશાળ શોભે અપરંપાર રશાળ.
ઘણો ગીરનાર પરવત મોટો નથી વનસપતિનો તોટો,
દતાત્રય ગુરૂનો નિવાસ રેહેતા પાહાડમાં ધરિ ઉલ્લાસ;
અઘોર વિદ્યા સાધક સીધ હતા અઘોરી નામે પ્રસિધ,
હરનાથગરજી તેમાંના શિષ્ય હરનીશ જપે જગદીશ.
એક દીન બન્યું શું કામ સંભળાવું સુણો આ ઠામ,
સાઠ વર્ષનો વીપ્ર વૃદ્ધ ચક્ષુ અઘમાયા થકી બદ્ધ;
એક પુત્ર તેને સુખકારી હતો કાળીકા માનો પુજારી,

આવતો હતો રસ્તામાંય સાધી જોગને માર્યો[1] ત્યાંય.
વાત સુણી વ્યાકુળ થયો ડોસો પુત્રમર્ણથી નાંખે નીશાસો,
આવ્યો ડોસો દતાત્રયપાસ ગુરૂ વરત્યો છે માહાત્રાસ;
દતાત્રય હતા માહાજ્ઞાની જ્ઞાન શક્તિથી વાતને જાણી,
ક્રોધે બોલાવ્યા હરનાથગરને માર્યો પુત્ર સજીવન કરને.
કરી ભ્રકુટી રક્ત વર્ણ માર્યો સોટા તે વાગ્યો ચર્ણ,
થયા લંગડા બાવા સીધ નામ થયું તેવે પ્રસિધ;
પછી દતાત્રયે હુકમ કીધો પકડો આબુનો રસ્તો સીધો,
શીર ઉઠાવી આજ્ઞા તર્ત કર્યો જીવીત થયેલો મૃત.
સાથે સાધકપૂરણગર, ગયા આબુપર હરનાથગર;
આબુ શોભા નિહાળી સારી, કરવા દેશાટણ ઇચ્છા ધારી.
જોવા ગુજરાત દેશ રશાળ, કર્યો વાસ ગામ જંગરાળ;
શેહેર પાટણના આવ્યા ત્યાં ભાટ, લેણુ ચુકવવાને માટ.
દેવાદારને બારણે બેઠા, ગુરૂ હરનાથગરજીએ દીઠા;
પૂછ્યું ભાટને બેઠાછો કેમ, નમ્યા ભાટ લોકો ધરી પ્રેમ.

ભાટ— ગજલ.

(પડ્યું પાનું સું ધારીલે) રાહ.

સુણો માહારાજ અમારી વાત,
લે'ણા રૂપૈઆ ઠાકોર પાસ;
નથી ખાવા એના ઘરમાં,
બેઠા સૌ એના બારણામાં.

---

[1] હરનાથગરજીએ માર્યો.

દેશે રૂપૈયા ઉઠીશું,
નહીંતો અહીયાં બેશીશું.

હરનાથગરજી—આ જીવતીબલા એ રાહ.

કામ હોય ગાસવેર (૨) મુકામ જાઓ કામ હોય ગાસવેર;
મકાન જાકે રોટી પકાઓ, જોડો ભજનમે ચીત.
મન અંદેશા કુછ નહિ રખના, દેવે સવેરે શીખ;
સીધ કરકે જાઓ ઘેર, (૨) મુકામ જાઓ.

ત્રીતાળી ચોપાઇ.

ગુરૂ આજ્ઞા દીલમાં ધારી, ઉઠયા ભાટ લોકો વીચારી;
હતો સાંજનો સમય જયારે, અકસ્માત બન્યો જોગ ત્યારે.
ઠાકોર પુત્રી શ્વસુરથી આવી, સાથે રૂપૈયા તે તો લાવી;
થયું પ્રભાત ભાટ બોલાવ્યા, દેવા રૂપૈયા સરવે ચુકાવ્યા.
થયા રળીયાત વીચારે ભાટ, કોઇ સીધ પુરશ સાક્ષાત;

વેરાળ.

(સહીઅર દુઃખ શું દાખવું. રાહ.

વચન ફળ્યું માહારાજનું, થયા ખુશી અપાર;
મળ્યા રૂપૈયા ભાટને, કર્યા વીનત કરાર. વચન. ૧
ગુરૂ વદનથી વધા હતા, મળશે સવારે દામ;
વીલંબ સેજ થયો નહી, થયું પ્રભાતે કામ. વચન. ૨
ઉમંગ લાવીને ઉરમાં, આવ્યા ગુરૂની પાસ;
ઢી કરજોડીને ઉમર્યા, પુરો અમારી આશ. વચન. ૩
કૃપા કરી અમ પુરમાં, પધારોને કૃપાળ;

અમધન્ય ભાગ્ય છે આજના, સ્વીકારો હે દયાળ. વચન. ૪
આગ્રહ કરીને લાવીયા, ધરતા હર્ષ અપાર;
શામળેશ્વર પાસે કરી, પર્ણકુટી તૈયાર. વચન. ૫
સ્થાન હતું બીહામણું, ઘાડી ઝાડી ચોપાસ;
નજીક માતા ગાત્રેશ્વરી, પુરણગરનો ત્યાં વાસ. વચન. ૬
પુરમાં પ્રખ્યાતી પામીયા. પ્રતિષ્ટા વખણાય;
ભાવ ધરિ નર નારીયો, આવી વંદે પાય. વચન. ૭

ગજલ.

(જફાઓ સીતમ. રાહ.)

સેવક જે સંકર ગુરૂ સેવામાં રહે, નીજ મનનું દુઃખ કોયને ન કહે;
હતા ખુશીમાં એક દીન મહારાજ, બચ્યા કાયકું બેઠા હે તું નરાજ.
અરજ ગુરૂને કરવા વિચાર્યું મન, કીધું કરજોડી નથી માહારે તંન;
ગણો દીલગીર છું તેથી મહારાજ, કાપો દુઃખ માહારૂં તમે શીરતાજ.
મુકયો કર શીરે ખુશીથી વધા, થશે પાંચ પુત્ર અને એક કન્યા;
થયું તે મુજબ ગુરૂ બોલ્યા મુખે, પુત્રો તેના આજે રહે છે સુખે.
વળિ એક દીન સેવકો સમક્ષ, પક્ષી ચાર મારી કીધો તેનો ભક્ષ;
દેખી કૃત શેવક થયા દીલગીર, કરી અર્જ ગુરૂને નમાવી શીર.
કૃપા કરીને કર્મ આવું બુરૂં, અમારા સન્મુખ ન કરશો ગુરૂ:
સુણી દાદ સરવેની કીધો વીચાર, બગાસાની સાથે કાડયાં પક્ષી બાર;
અનાજ ચુગવા લાગ્યાં પક્ષી ચાર, દેખી વીસ્મય થયાં ઘણાં નરનાર.

ગીતીછંદ.

પ્રાક્રમ કીધા ભારી, વર્ણવવાથી વધે છે ગ્રંથપુર;
ગૂરૂ લંગડા બાવા, યોગ વિધામાં હતા માહાશુર.

ત્રીતાળી ચોપાઈ.

પંચમુખી શ્રી હનુમાન, કીધા હરનાથગરે સ્થાપન;
વળી અંબાજી ભૈરવનાથ, થયું સ્થાપન ગુરૂના હાથ;
પ્રાચીન ધુણી અને વળી ગાદી, કરો દરશન છે આબાદી;
કરણગર નખોદગર શીષ્ય, ત્રીજા ન્યાલગરજી પ્રસિદ્ધ;
નખોદગર ગયા અંબા ધામ, કરણગરનું ભોપાત્રે મુકામ.
રહ્યા પાટણમાં ન્યાલગર, ગુરૂશેવામાં રહે તત્પર.

ગીતી છંદ.

બન્યૂ નહી ગૂરૂ સંગે, જૂના કોટમાં હનુવાહનૂ માન;
ન્યાલગર ત્યાં રહીને, કીરતિ પ્રસારી અમર કીધું નામ.

સાખી.

શ્રી હરનાથગર ગુરૂજીએ, હાથે સમાધી લીધ;
સીધપુર બીંદુ સરોવરે, પ્રીતે દરશન દીધ.
વડા ન્યાલગર શીષ્ય તો, ભજે પ્રભુનું નામ;
ગુરૂ ગાદી સંભાળવા, બીરાજ્યા ધરી હામ.

ઈંદ્રસભા.

(રાજાજી તો સોગએ—રાહ.)

ન્યાલગરજી ગુરૂનું વર્ણન, સુણોને સહુ જન;
પ્રીત ધરી વીલોકી જુઓ, થાઓ ઘણા પરશંન. ૧
ઘણા લોકનાં કષ્ટ કાપીયાં, તાર્યાં બુડતાં ઝાઝ;

ગાદી શોભાવી નીજ ગુરૂની, થયા મહા યોગીરાજ. ૨
શંકર ધ્યાન સદાએ ધરતા, માયા નહીં લવલેશ;
દરશન કર્યાથી પાતીક જાએ, વધી પ્રખ્યાતી વીદેશ. ૩
પુર્ણ અઘોરી સીધી માંહી, હતા અતી પ્રવીણ;
જગ્ત થકી નીરાગી રેહેતા, ગુરૂ જ્ઞાનમાં લીન. ૪
વસ્તી રટણ નીકળ્યાતા પોતે, કીધું અઘોરી કૃત્ય;
બાંધ્યાં કામળમાં અજા હણીને, લઇને ચાલ્યા તર્ત. ૫
નીહાળી નજરે મળીયા લોકો, કર્યું અઘટિત કામ;
બોલાવી બકરાના ધણીને, આવ્યા ગુરૂના ધામ. ૬

રાહ—ગોપીચંદનો.

લોકો—બાવાજી તમે કુકૃત્ય કીધું છે શેહેરમાં,
બાવા—કયું હુલ્લડ કરકે આયે હમેરા સ્થાનમાં;
લોકો—મારી બકરો લાવ્યા અહીંયાં બાંધ્યો કામળ માંય,
અઘોર કૃત્ય નહી દેખ્યું જાએ, ગુસ્સો ન કરશો કાંય. બા૦ ૧
બાવા—જલ્દી જાકે જુઓ કામળમેં, કયાહેં ઉસ્મે દેખ;
સતાનેકું સબ ઇધર આયે, નીરદોશી હમ ભેખ. કયું હુ૦ ૨
લોકો—પડયો પોટલો જુઓને પેલો, બાંધી છે માંહી લાસ;
કોપાયમાન નહી થાશો ગુરૂજી, અમે તમારા દાસ. બા૦ ૩
બાવા—હમેરી બાતમેં નહીં કુછ બોલના, નહીં હેં ઉસ્મે સાર;
કૃત્ય હમેરા કરતે રહતે, ચલો નીકળો બાહાર. કયું હુલ્લડ. ૪
લોકો—ખોલી બતાવો અમને ગુરૂજી, જઇયે અમારે ઘેર;
જુઠા પડી નહીં જઇએ કદાપી, નથી એમાં કાંઇ ફેર. બા૦ ૫

બાવા—ચલે જાઓ સબ સબકે ઘરકું, કરના નહી તોફાન;
લાસ નહીં હેં યહ ગંઠડીમે, કહ્યા હમેરા માન. ક્યું હુલ્લડ. ૬

ગીતી છંદ.

કામળ છોડી જોયું, સુંદર સુગંધ પ્રસરિ ચોપાસે,
થયો ફુલનો ઢગલો દેખી સઘળા ભડકીને નાસે;
દીઠાં બકરાં ચરતાં ધણીએ તેને ઓળખીયાં તર્ત,
નકી એ છે મહારાં કર્યાં સજીવન ગુરૂ મહા સમર્થ.

ચાબખો.

(પ્રાણીયા ભજીલેને—રાહ).

દેખી ગુરૂની સીદ્ધી અપાર આશ્ચર્ય થયાં ઘણાં નરનાર,
જુઠા પડીને ગયા સહુ પાછા, થયા ઘણા લાચાર;
નીહાળી દ્રષ્ટે ઘણું પસ્તાયા, તોડયો ગુરૂનો ભાર. દેખી ગુરૂ. ૧
એવા ચમત્કાર ઘણા બતાવ્યા, કહેતાં નાવેપાર,
સંક્ષેપે સહુ સમજી લેજો, ટુંકામાં વર્ણ્યો સાર. દેખી ગુરૂ. ૨
આણંદગરને ફુલગર બાવા, થયા તેમના શીષ્ય,
ગુરૂની આજ્ઞા શીર ઉઠાવે, શેવા કરે દીન નીશ. દેખી ગુરૂ. ૩

દોહરો.

ન્યાલગર બાવાજીએ લીધી સમાધી હાથ,
માત અંબાના પહાડમાં દીધાં દરશન[1] સાક્ષાત;

---

૧ વોહેરાજી વાળા તારાચંદભાઇને અંબાના પહાડમાં દરશન દીધાં હતાં.

વડા શીષ્ય ફુલગરજીને કર્યાં ગાદીનશીન,
રંજન ઇશ્વર ભજનમાં રેહેતા'તા નીશદીન.

વેરાવળ.

(સહીયર દુઃખ શું દાખવું—રાહ).

ચરિત્ર કહું ફુલગરજીનું મહાજોગી અબધુત,
વીકાળ ચ્હેરો બીહામણો હતા જાતે રજપુત. ચરીત્ર. ૧
ગાદી નશીન થયા પોતે, મહાસીધ પ્રવીણ;
વીશેસ પ્રાક્રમ ફેળવ્યાં સુવે નહી રાતદીન. ચરીત્ર. ૨
સીધી જોવાને કારણે, આવ્યા અતિથિ ચાર;
સ્થાનમાં આવી ઊતર્યા, વરત્યો ગુરૂએ વીચાર. ચરીત્ર. ૩

દોહરો.

દીવશના બે વાગીયા ગયા પાસે માહારાજ;
જીમનેકી કયા મરજી હેં નહી રખની કુછ લાજ.

ગીતી છંદ.

વીચાર ચારે કિધો, બખ્ત નહી દૂધ મીલનેકા પૂરમેં;
કિધું ગુરૂને ચાસન, કરદ્યો હમકું દુધપાક પલમેં.

લાવણી.

(મુજ ઉપર ગુજરી પીતા) રાહ.

કરે ફુલધરજી વીચાર મળે દુધ ક્યાંહી,
પલમાં કરવો પયપાક નથી એ નવાઇ;
કોરા મંગાવ્યા કુંભ પ્રજાપતિ ઘરથી.

વસ્ત્રે ઢાંક્યા કુંભ ચાર ભરાયા દુધથી,
કર્યા પાક દુધ તૈયાર જમાડ્યા અતિથિ;
નીહાળ્યું નજરે કામ વીચારે મતિથી.
ભોજન કરતાં જંન ચારે માખીયો મારી.
જોઇ ફુલગરજી મા'રાજ વધા વીચારી,
કરો તુર્ત સજીવન અગર ભક્ષકરો એને;
હતું નહી પ્રાક્રમ લેશ નમ્યા શ્રી ગુરૂને.
કરી ક્ષમા ફુલગરજીએ સીધી દેખાડી;
કરી સજીવન ચારે પાસ માખી ઉરાડી,
કર્યા પરમાર્થ બહુ કામ વદું શું આંહી.
ગણપતિને સ્થાપન કર્યા, જગ્યાની માંહી.
ઘણાં પશુ પળાતાં, ફુલગરજી ના વારે;
શીષ્ય સ્વરૂપગર મા'રાજ હુકમ શીર ધારે.

ગીતીછંદ.

ફુલગરજી બાવાએ, નિજ હાથે વળિ સમાધિતો લીધી;
સ્વરૂપગર બીરાજ્યા, ગુરૂ તખ્તનિ શોભા બહુ કીધી.

(ગયો ક્યાં તજી મને દીલજાન.) રાહ.

યોગીશ્વર સ્વરૂપગર મારાજ, કીરતી ગવાય છે આજ. યોગીશ્વર.
ગાદી શોભાવી સુકૃત્ય કીધાં, ચોદેશ પ્રસર્યું નામ;
ગુરૂ સમાધિનું મંદીર કરાવ્યું, કીધાં પરમારથ કામ. યોગીશ્વર.
આધાર વસ્તી રટણ ઝોળીનો, અવર નહી આધાર;

જગ્યાને ફરતો કોટ કરાવી, મોહું મુકાવ્યુ દ્વાર. યોગીશ્વર.
ગુરૂ જેવા થયા પ્રાકૃમી, અમર કીધું નામ;
જગ્યાના દેવસ્થાનોનું, પકકું કરાવ્યું કામ. યોગીશ્વર.
પચાંગ દેવને કાળીકા માતાનું કર્યું સ્થાપન ધરી પ્રેમ;
પ્રતાપવંતા થયા સ્વરૂપગર, હતી શેવકપર રે'મ. યોગીશ્વર.
શીષ્ય શ્રી સરસ્વતિગરજી, હતા માહા ગુણવાન;
ગુરૂ સંગે નહી બન્યાથી રહ્યા, જુનાકોટ સ્થાન. યોગીશ્વર.
ચરીત્ર તેનું આગળ કરીશું, વાંચજો તેનો સાર;
ગુરૂ ચરીત્ર ભેગું મેળવી, નથી કરતો વીસ્તાર. યોગીશ્વર.
લઘુ શીષ્ય હુકમગરજી, રહેતા ગુરૂની પાસ;
સ્વરૂપગરના સ્વર્ગ ગમનથી, તજી ગયા આવાસ. યોગીશ્વર.

(પીયુને તજાવનાર.) રાહ.

શ્રી સ્વરૂપગરનો આવ્યો અંતકાળ,
સરસ્વતિગર બાવા પધાર્યા કૃપાળ;
બે દીવસ શેવા કીધી રહ્યા ગુરૂ પાસ,
સમાધી ગુરૂએ લીધી તેથી રહે ઉદાસ.
સંભાળ્યું ગુરૂનું તખ્ત ધરી ઉર પ્રીત,
સ્થાન મહાત્મ્ય વધાર્યું ને ચાલ્યા ગુરૂ રીત.

રાહ—ભરથરીનો.

(ભેખરે ઉતારો રાજા ભરથરી—રાહ.)

શ્રીસરસ્વતિગર મારાજનું વર્ણન કરૂં છું આજજી,
ગુરૂપ્રતાપે ઘણાકના થયાં સફળ કાજજી. ચરીત્ર કહું મહારાજનુ.

નીજ ગુરૂ બીરાજતાં રહ્યા પ્રાચીન પાટણ માંયજી,
ધામ બંધાવ્યું મહાકાળીનું સુંદર કરાવી વાવ્યજી. ચરીત્ર કહું મા૦
ગુફા અને માહાદેવનું કરાવ્યું દેવાલયજી,
તપ કર્યું ગુફામાં રહી બેડી નાંખીને પાયજી. ચરીત્ર કહું માહારાજનું.
ઘણા દીવસ દુધપી રહ્યા અન ન લીધું મુખજી,
યોગ સાધ્યો કષ્ટ સહન કરી તજ્યું સંસાર સુખજી. ચરીત્ર કહું મા૦
વીકાળ જગ્યા બીહામણી જાવા ચાલે ન હામજી,
વશ કીધી સરસ્વતિગરે કીધાં ઉત્તમ કામજી. ચરીત્ર કહું માહારા૦

લાવણી.

(રે કયોં વેશ્યાએ કેર—રાહ.)

પ્રતાપી પ્રસિધ અપાર ગવાયા બા'ર નમે નરનાર.
શીશ નમાવી શ્રીસરસ્વતિગરમાં રાજ ગાદી શોભાવી;
ગુરૂ સમાધીનું મંદીર કર્યું સુંદીર જગ્યા અંદીર,
ભંડારો કીધો જોગી તેડ્યા અપાર જશ બહુ લીધો.
કર્યું નવીન કચેરી કામ ભંડારનું ધામ વાવરી દામ,
ફુવારો શોભે શણગાર ચોકીને ધર્મશાળા મન લોભે;
કરી ગુફા સરસ તૈયાર છે ભભકાદાર ઉપજે પ્યાર,
જગ્યા સુધરાવી શ્રી સરસ્વતિગર મહારાજ ગાદી શોભાવી.
પીએ ગરમપાણી દરરોજ તજી સહુ મોજ વધાર્યો બોજ,
શેવકને ભાવ્યા દરદીઓના પ્રાણ ઘણા ઉગાર્યા;
ઘણાં દીધાં જીવીતદાન થયા ગુણવાન લીધું ગુરૂજ્ઞાન,
પ્રીત ઊર લાવી શ્રી સરસ્વતિગર મા'રાજ ગાદી શોભાવી.

ધનાશ્રી.

(વીનતી ધરજો ધ્યાન) રાહ.

શીષ્ય થયા ગુણવાન ગુણીજનો શીષ્ય થયા ગુણવાન,
રામગરજીને શંભુગરજી લીધું ગુરૂપાસે જ્ઞાન. ગુણીજનો. ૧
શંભુગરજી પાટણ પ્રાચીન રહ્યા કાળીકા સ્થાન. ગુણીજનો. ૨
ગુરૂની આજ્ઞા સદાય પાળે ધરે ઇશ્વરી ધ્યાન. ગુણીજનો. ૩
યાત્રા કરવા ગયા રામગરજી જોવા તીરથ ધામ. ગુણીજનો. ૪
ઓગણી ઓગણપચાશના વર્ષે પૌષ માસ પ્રમાણ. ગુણીજનો. ૫
શુકલ પક્ષમાં લીધી સમાધી કીધો કૈલાસ ઠામ. ગુણીજનો. ૬

(સીતાજીના મહીનાનો) રાહ.

સરસ્વતિગર માહારાજ સ્વર્ગ સીધાવીયા,
તોડી પ્રીત સરવની સાથ ગુરૂજી ચાલ્યા ગયા;
સંભાળવા ગુરૂનું તખ્ત કાળીમાંથી આવીયા,
શાન્ત ગુણી શંભુગર શેવકને ભાવીયા.
થયાં યાત્રા ગયે ઘણાં વર્ષ હશે કીયા દેશમાં,
ઘણો સોધ કરી લખ્યા પત્ર પધારો સ્વદેશમાં;
સુણી પ્રયાણ ગુરૂનું સ્વર્ગ અફસોસી ઘણી કરી,
ઓગણી પચાસ ચૈત્ર માસ પધાર્યા કૃપા કરી.

લાવણી.

(ભરથરી ભ્રાતા વિચારીને—રાહ.)

પધારીયા શ્રી રામગરજી ઘણો થયો આનંદ;
છે શાન્ત ગુણી (૨) ક્ષમાને ધીરજવંત;

ગુરૂ જેવા પ્રતાપી દીસે છે ક્રોધ વીનાના સંત. પધારીયા.
શંભુગરને (૨) રેહેવું કાળીકા ધામ;
ગુરૂભાઇને ગાદી સોંપીને જપવું ગુરૂનું નામ. પધારીયા.
કરી આગ્રહ ઘણો (૨) વળી ઘણા લોક સમક્ષ;
રામગરજી માહારાજને કીધા ગાદી અધ્યક્ષ. પધારીયા.
જેષ્ટ બુધવાર (૨) ઓગણીપચાસ કૃષ્ણ નુમ;
ગાદી નશીન ઠરાવ્યા હર્ષે થઇ ઘણી ધામધુમ. પધારીયા.
શંભુગરજી (૨) પછી ગયા કાળીકા ધામ;
નવીન મંડપ કર્યો શોભતો બહુ કરાવ્યું કામ. પધારીયા.
છે સમર્થવાન (૨) હાલ બીરાજે પ્રાચીન ગામ;
શંકરરૂપ સાક્ષાત દીસે છે શંભુગર ગુણવાન. પધારીયા.

મેવાડો.

સંતરામગર મા'રાજરે, ગુરૂ ગાદી શોભાવી;
ઘણાં ઉત્તમ કીધાં કાજરે, ક્રોધ નાંખ્યો છે બાળી. ટેક.
વીક્રમ ઓગણી પચાસમાંરે, કૃષ્ણ નુમ જેઠ માસ;
ગુરૂ પાછળ ભંડારો કીધો, ધરી ઘણો ઉલ્લાસરે. ગુરૂ ગાદી.
સમાધી મંદીર ગુફા ઊપરરે, કર્યું સરવ તૈયાર;
પુર્ણ પ્રકાશીત યોગીશ્વરને, નમો સરવ નરનાર. ગુરૂ ગાદી.
કામ ચાલે છે ધર્મશાળાનું, દીપાવ્યું ગાદીનું કુળ;
પ્રસિધ ગુરૂના જેવા થાશે, એમાં નથી કાંઇ ભૂલ. ગુરૂ ગાદી.
ઘણા દુષ્ટોએ હુલ્લડ કરી, કીધું દુષ્ટનું કર્મ;

વેર વાળ્યું પ્રભવનું, એને તજી કુળની શર્મ. ગુરૂ ગાદી.
માર વાગ્યો ઘણો નીજ શરીરે, ક્રોધ કર્યો નહી સે'જ,
ક્ષમા ગુણ છે મોહોટો એમાં, સંતનું લક્ષણ એજ. ગુરૂ ગાદી.

ગીતી છંદ.

પ્રતાપ જેનો ચાલે બિરાજે છે હાલ ગાદીનિ ઉપર,
ગુરૂ રામગરબાવા દયાદાનમાં સદાય રહે તત્પર.

બંજારા લાવણી.

(પ્રીયમીત્ર વીનાહો ભાઇ—રાહ.)

આપટા વળી સુખકારી વાંચો, પ્રીત ધરી નરનારી. આપટા.
ગુરૂ હરનાથગરજી આદી, અણહીલપુર સ્થાપી ગાદી;
શળગે ધૂણી દુઃખ હરનારી, વાંચો પ્રીત ધરી નરનારી. આપટા.
શીષ્ય ન્યાલગરજી પ્રસીધ, હતા ગુરૂના જેવા સીધ;
જઉ સીદ્ધીપર બલીહારી, વાંચો પ્રીત ધરી નરનારી. આપટા.
પછી ફુલગરજી પણ તેવા, મહા પ્રાક્રૂમી જાણી લેવા.
જોતાં ભય ઉપજતો ભારી વાંચો પ્રીત ધરી નરનારી. આપટા.
સ્વરૂપગરજી મહાયોગી, ઘણાજનને કીધા નીરોગી,
ટાળે વિપતીએ' વીદારી, વાંચો પ્રીત ધરી નરનારી. આપટા.
સરસ્વતિગર માહારાજ, પ્રાક્રમી ગરીબનીવાજ,
નીજ જગ્યા ઘણી સુધારી, વાંચો પ્રીત ધરી નારનારી. આપટા.
શીષ્ય કીધાં ગુરૂરાજે હાલ, ગાદી ઉપર બીરાજે,
રામગરજી સુજ્ઞ વીચારી, વાંચો પ્રીત ધરી નરનારી. આપટા.

સ્થાનવર્ણન.

(દશા કેવી બની મ્હારી–રાહ.

ઉમંગ છે ઉરમાં ભારી વીલોકી જાઉં બલીહારી,
આદી મંદીર દીપતું ગીરજાસુત ગુણવાન,
સુંદરસ્થાન શોભિ રહ્યું પાસે શ્રી હનુંમાન;
પંચમુખી મુરત પ્યારી સદા દીનના સુખાકારી. ઉમંગ છે.
માતા અંબા કાળીકા પાસે ભૈરવનાથ,
નજીક સમાધી સ્થાનમાં બીરાજે હરનાથ;
વચ્ચે ન્યાલગર જળાધારી કહું આગળ વીસ્તારી. ઉમંગ છે.
ગાદી અનાદી ગુરૂતણી શામળેશ્વર મહાદેવ,
સદાય ધૂણી સળગતી ભકતો કરતા શેવ;
ભંડારનીમાંહી માહાકાળી ભજન કરવા ગુફાસારી. ઉમંગ છે.
સ્થળ વચ્ચે ગુરૂશીષ્યનાં દ્વી મંદીર વિશાળ,
સ્વરૂપગર ફુલગરજીએ કર્યો સમાધિકાળ;
પંચમુખી પાછળ ન્યારી કીધી ગુફા મુકી બા'રી. ઉમંગ છે.
સરસ્વતિગર માહારાજને રટવા ઇશ્વર નામ,
ગુફા કરી તે કારણે (પછી) કર્યું સમાધી ધામ;
સુવર્ણ સીખર જુઓ ધારી શોભે મંદીર ભયહારી. ઉમંગ છે.
અવર દેવસ્થાનનો નથી કરતો વિસ્તાર,
કચેરી ધર્મશાળા ને તબેલા સુખકાર;
સણગારની ચોકી સણગારી ફુવારા હોજ મનોહારી. ઉમંગ છે.
બીજી ધર્મશાળાનું છે અપુર્ણ કામ.

ઘણાં વૃક્ષો લળી રહ્યાં પુષ્પ બાગ વીશ્રામ;
અતિરળીયામણી પ્યારી જગ્યાની છે શોભા સારી. ઉમંગ છે.

ગણપતિ સ્તવન.

ઇંદ્રસભા.

(રાજાજીતો સોગયે) રાહ.

પ્રથમ દુંદાળો દેવ સ્મરીયે જેછે બાળેવેશ,
સીધ કામમાં પ્રથમ પુજાએ ઉમીયા પુત્ર ગણેશ;
પવિત્ર માતા પાર્વતિને પીતા શંકર દેવ,
મુખપર જમણી સુંઢ શોભે કરૂ તમારી શેવ.
કાને કુંડળ જળહળેને મુગટ બીરાજે શીશ,
કરમાં ફરશી શોભતી પુજા થાય દીનનીશ;
અંગે સીંદુર શોભિતું મંગળ કાર્યમાં ધીર,
શેવકની સહુ આશા પુરો સુખ ચાહું શરીર.

હનુંમાન સ્તવન.

(પુનમચાંદની ખીલી પુરી) રાહ.

ધન્ય ધન્ય છે દીવશ આ આજનો રે, ભાવે નમન કરૂં હનુમાન;
પંચ મુખી દરિશન ઉરમાં ધરૂં રે.
કરજોડીને વીનતી કરૂં છું વારંવાર
શેવકનાં દુઃખ વાંમજો આપ ખરો આધાર

રળીયાંમણું અતિ તમારૂં ધામ છે રે, મુરત દેખીને ઉપજે છે પ્યાર. પંચ મુખી દરિશન ઉરમાં ધરૂંરે.

રટણુ તમારા નામનું વ્યાપ્યું અંગોઅંગ
સફળ કામ કરો માહારૂં રાખો આનંદ રંગ
ગજરા ફુલના મસ્તકે સોહાય છે રે, કરો દુઃખીયાનાં દુઃખ દહંન;
પંચ મુખી દરિશન ઉરમાં ધરૂંરે.

માઢ.

(વીરા વેશ્યાના યારી) રાહ.

પંચ મુખી અમારી વીનતી સ્વીકારી સુખી કરો માહારાજ;
નીરખું મુરતી પ્યારી દરસનથી વારી સુખી કરો માહારાજ;
માહા બળવંત છો અંજની જાયા લાવ્યા સીતાની સોધ,
દધિ ઓળંગ્યો હામ ધરીને તોડયો રાવણનો ક્રોધ;
પુરો ઇચ્છા માહારી આનંદકારી સુખી કરો માહારાજ.
અઘોરીના આશ્રમે બીરાજો ગજાનંનની પાસ,
દરશન વાંછું નીત્ય તમારાં કરજો શંકટ નાશ;
નાંખો દુઃખ વિદારી શોભા ન્યારી સુખી કરો માહારાજ.

દક્ષણી રાહ—લાવણી.

હનુમાનજી નમું પ્રીત ધરી તમનેરે. ટેક.
દર્શન નીયમ નીત્ય પ્રેમ વાંચ્છુ ક્ષેમ ચાહુંરે;
સુખી રાખો અમનેરે હનુમાનજી નમું. ૧
પંચમુખી નાથ ગ્રહો માહારો હાથરે;
શીરતાજ મુને નારાજ કરો ન આજ હે મા'રાજ;

કાપો મારા ગમનેરે હનુમાનજી નમું. ૨
મન ઇચ્છીત કાર્ય કરો સીધ સઘળાંરે;
પ્રત્યે તમારી અરજ મારી લ્યો સ્વીકારી દીનધારી;
વીનતી છે હરદમનીરે હનુમાનજી નમું. ૩

શામળેશ્વર સ્તવન.

ગરબો.

(ગાઓ આનંદે સહુ આજ—રાહ.)

ભજો હર્ષ ધરીને આજ શીવ શામળેશ્વરને;
કરો સફળ નમીને કાજ ઉમા મહેશ્વરને. ટેક.
પ્રાચીન મંદીર દીસે તમારૂં ઘણા વરસનું સ્થાનરે;
ઘાડી ઝાડી ઘણી ભયંકર હતું જંગલ વેરાન. શીવશામળે.
હરનાથગરજી પધારીયા સોધ્યું નિર્ભય સ્થાન,
પર્ણકૂટી મંદીર કને કરી રહ્યા વિશ્રામ;
આશ્રમ મંડાણ થયું તે દીનથી આજ સોભે વીશાળરે,
પ્રેમ ધરીને દરશન કરવા આવે યુવા વૃદ્ધ બાળ. શીવશામળેશ્વર.
સદાય ભસ્મને ભુતના ભોગી શ્રી માહાદેવ,
સુર અસુર સહુ પ્રીતથી કરે તમારી શેવ;
કૃપાકરીને આજ અમારાં સફળ કરો સહુ કાજરે,
અરજ અમારો લ્યો સ્વીકારી સરવતણા શીરતાજ. શીવશામળેશ્વર.

કાળીકા સ્તવન.

પીલું.

(કહું શું નશીબે દુઃખીયો કીધો.) રાહ.

સ્તુતી કરૂં ભાવે નીત્ય અપારી, અરજ અમારી લ્યો દીલધારી. ટેક.
જગ્ત જનેતા માજી તમારી, સુરત મુરત લાગે છે પ્યારી. સ્તુતી.
આશા પુરો તમે માહારા મનની, કાપી દુઃખ કરો સુખકારી. સ્તુતી.
પ્રખ્યાત અઘોરીના આશ્રમમાં, બીરાજો છો મા સીંહ સ્વારી. સ્તુતી.
દરશનથી સુખ થાય જનોને, દુઃખદ આપદા નાંખો વીદારી. સ્તુતી.
કરજોડીને ઉચરૂ વીનતી, ભાવધરી ચાહુંરે' માતમારી. સ્તુતી.

અંબા સ્તવન.

હોરી.

પુરણ પ્રીતથી આજે, સ્મરૂં અંબે માત;
આરાસુરમાં તમે બીરાજો, મંદીર શોભા વીશાળ.
સ્થાન અઘોરી આશ્રમ તમારૂં નમે સહુ નરનાર;
ભજું છું હું દીનરાત, સ્મરૂં અંબે માત.
આનંદ હેલી સદાય કરજો, ચાહું તમારાં દરશંન;
સ્તવન કરૂં અતિ ઊરમાં હર્ષે, થાઓ માજી પરશંન.
સુખી કરજો ખરેખાત, સ્મરૂં અંબે માત;
જગ્ત વ્યાપક માજી તમે છો, હું છું તમારો બાળ.
તમ રક્ષણથી દીન નીંગમું, લીયો મારી સંભાળ;
ભક્તિથી રહું રળીયાત, સ્મરૂં અંબે માત.

ભૈરવનાથ સ્તવન.

(મહાજુલમ જગત—રાહ.)

હું નમું તમારા પાયે, મંન આનંદ ન માયે;
ભાવ ધરીને મંન, કરૂં દરશંન;
કરો દુઃખ દહંન, મન હરખાયે. હું નમું તમારા.
ભૈરવનાથજી નામ, અઘોરીના ધામ;
સફળ કરો કામ, થજો મુજ સાહે. હું નમું તમારા.
ભૈરવનાથ પ્રતાપ, જાય સંતાપ;
પડે સુખ છાપ, દુઃખ દુર જાએ, હું નમું તમારા.

હરનાથગર સ્તવન.

સાખી.

(સદેવંત વેહેલા ઉઘાડો—રાહ.)

દરશંન દોને માહારાજ, હરનાથગરજી દરશંન દોને;
હાથ જોડી નમું આજ, હરનાથગરજી દરશંન દોને; ટેક.
ગુરૂ વચનથી નીકળ્યા, તજી ગીરી ગીરનાર;
આવી આશ્રમ સ્થાપીયો, ઊર હર્ષ વાધ્યો અપાર. હરનાથગરજી.
આશા તમ કૃપા તણી, શેવકના દીલમાંય;
પ્રાક્રમ પ્રસર્યું પુરમાં, લોક કરવા દરશંન ઊભરાય. હરનાથગરજી.
પ્રતાપવંતા થઇ ગયા, ભડ સીધ યોગીરાજ;

નીત્ય નમ્યાથી સર્વનાં સંચીત પાપ ખવાય. હરનાથગરજી.
મહત્વ કાર્ય ઘણાં કર્યા નથી કરતો વિસ્તાર.
મન વાંચ્છા પુરણ કરો હું નમું છું વારંવાર. હરનાથગરજી.

(કંગનવા મેરો કરસે) રાહ.

હરનાથગરજી ગુરૂ માહારા કૃપા કીજેરે, હરનાથગરજી.
ધરૂં ધ્યાન તમારૂંરે દુઃખ કાપો માહારૂરે;
હું બાળક નીજનો કહાવું નીત્ય દરશન કરવા આવું,
ગુરૂ પ્રીતે હું લોભાવું સ્તુતી ધ્યાન લીજેરે. હરનાથગરજી.
ગીરનારથી આવ્યારે શેવકને મંન ભાવ્યારે,
કીધું પાટણ પાવંન જગ્યા કીધી છે સ્થાપંન;
સીદ્ધી ઝાઝી મુખ વચંન ભકતો ભારી રીઝેરે. હરનાથગરજી.
તમ ચરણ હું શેવુંરે શાન્તી રસ લેઊંરે,
દરશન કરવાને આવે મન ધાર્યું ઝટ થાવે;
દુઃખ દુરતો પળાયે દયા ભારી દીજેરે. હરનાથગરજી.
નમીયે હાથ જોડીરે અમ કષ્ટ નાંખો ફોડીરે,
સ્તુતી કરૂં છું તમારી આશા પુરો ગુરૂ મા'રી;
આપ ઊરમાં લ્યો ઉતારી ગુરૂ કીધો વીજેરે. હરનાથગરજી.

ન્યાલગર સ્તવન.

સોરઠો.

(વીમળા ન કરશો ઉચાટ) રાહ.

નમીયે ન્યાલગરજી માહારાજ અમે ઉર ભાવશુંરે, ટેક.

રમ્ય રશાળ છે સ્થાન તમારૂં મન મોહ્યું મંદીરે માહારૂં,
દરશન કરવા પ્રેમ ધરી નીત્ય આવશું. નમીયે ન્યાલગરજી.
અઘોર વિદ્યા માંહી સીધ છો થયા ગુરૂ જેવા પ્રસીધ છો,
નામ તમારૂં નીત્ય પ્રત્યે સંભારશું રે. નમીયે ન્યાલગરજી.
કષ્ટજ કાપો ગુરૂ અમારાં બાળક સરવે અમે તમારાં,
નથી આશરો અવર તમોને ગાવશું રે. નમીયે ન્યાલગરજી.
ઉરમાં ધારો વીનતી મા'રી જગ્યા લાગે છે આનંદકારી,
યાદ તમારૂં નમન નીત્ય મન લાવશું રે. નમીયે ન્યાલગરજી.

ફુલગરજી સ્તવન.

(ગીરધારીરે વાત કહું તે—રાહ.)

ફુલગરજીરે અરજ સુણોને અમારી હું સ્તુતી કરૂં છું તમારી,
ગુરૂ માહારા રે દાદશેવક સ્વીકારો છે આશ્રય ગુરૂ તમારો.

ઝુલ.

દીપાવ્યું અઘોરી તખ્તરે યોગ સાધનમાં મહાશકતરે,
નમે પ્રીત ધરીને ભકતોરે મુજ મનમાંરે મુરત લાગે પ્યારી. હું સ્તુતી.
તમ નાંમ ભજીશું ઉરમાં પ્રખ્યાતી વધી છે પુરમાં,
શેવકનાં રે કષ્ટ ગુરૂજી વીદારો અપરાધ ક્ષમા કરો માહારો.

ઝુલ.

છે સ્થળ વચ્ચે તમ ધામરે કરો સફળ શેવકનાં કામરે,
કર્યું પ્રખ્યાત અઘોરી નામરે મન રૂચેરે ઠામ તમારો સારો. અપરાધ.
ન્યાલગરજી ગુરૂના શીષ્ય નીંદ્રા ત્યાગી દિનનીશ,
ધન્ય ધન્યરે ધન્ય તમોને કહીયે સ્તવન નીત્યે ઉચરીયે.

ઝુલ.

ધ્યાન ધર્યાથી પાપો છુટેરે સંગ્રહેલાં તે સહુ ખુટેરે
ભવફંદ અમારો તુટેરે ધર્મ ઝાહા ઝેરે સંસાર સાગર તરીયે. સ્તવન.

સ્વરૂપગર સ્તવન.

આશાગોડી.

(કામ છે દુષ્ટવીકારી રાહ.)

વિનંતી સુણોને અમારી સ્વરૂપગર વીનંતી સુણોને અમારી. ટેક.
જગત વલ્લભ થયા ગુરૂજી કીરતી પ્રસરી તમારી. સ્વરૂપગર.
કૃપાવંત તમે માહારાજા સીદ્ધી ઉપર જઊંવારી. સ્વરૂપગર.
ફુલગરજીના શીષ્ય સુગુણી, કામ કીધાં બહુભારી. સ્વરૂપગર.
સ્વચ્છ જગ્યાની અંદર સુંદીર, મંદીર છે મનોહારી. સ્વરૂપગર.
હસ્ત જોડીને ઉચરૂં વીનતી, રાખો સદા સુખકારી. સ્વરૂપગર.

સરસ્વતિગર સ્તવન.

લાવણી.

(સોન સમોવડ નથી—રાહ.)

નમું સરસ્વતિગરજી તમને, ઉમંગ મન ધારી. ટેક.
નીરખી મુરત મન મોહે, નમેથી પાપ સરવે ખોએ;
દર્શનથી જાઉં છું વારી, નમું સરસ્વતિગરજી તમને. ૧

ભજીએ પ્રીત ધરી આજે, હર્ષથી નમીયે શીરતાજ;
ગુફાપર મંદીર કર્યું ભારી, નમું સરસ્વતિગરજી તમને. ૨
પરમાર્થ કીધાં સારાં કામ, સુધાર્યું ગુરૂતણું ધામ;
પ્રખ્યાતી વધી બહુ સારી, નમું સરસ્વતિગરજી તમને. ૩
પ્રગટયા દીપક જયમ પ્રકાશ, કીધો મોહતણો ગુરૂનાશ;
નમેછે નીશદીન નરનારી, નમું સરસ્વતીગરજી તમને. ૪

પ્રાચીનગાદી સ્તવન.

બંજારા લાવણી.

(પ્રીય મીત્રવીના હો ભાઇ.—રાહ.)

હવે વર્ણવું ધૂણી સારી, જ્યાં ગુરૂની ગાદી ભારી. ટેક.
છે હરનાથગરની પાટ, કરે દરશન જાય ઉચાટ;
નીત્ય ટેકધરે નરનારી, જ્યાં ગુરૂની ગાદીભારી. હવે૦
સળગે છે ધુણી અખંડ, કટે દરશનથી ભવ ફંદ;
હું નમું પ્રીત ઉરધારી, જ્યાં ગુરૂની ગાદી ભારી. હવે૦
નીત્ય દરશન કરવા જાતાં, નરનારી ઘણું હરખાતાં;
કરો કૃપા શેવકપર સારી, જ્યાં ગુરૂની ગાદી ભારી. હવે૦
આજ નમું જોડીને હાથ, દુઃખ કાપો ગુરૂ હરનાથ;
ગુરૂ વીપતી નાંખો વીદારી, જ્યાં ગુરૂની ગાદી ભારી. હવે૦

સરસ્વતિગરના સ્વર્ગે ગમનની દીલગરી.

ગરબી.

(ઓધવજી સંદેશો—રાહ.)

મહારાજા શું પ્રીત છોડી ગયા તમે,
તમ વીયોગે અમથી નવ રેહેવાયજો;
આગ વગર ચીત્ત દાઝે છે વીયોગથી,
અતી દીલગીરી મંનમાં નીત્યે થાયજો. માહારાજા શું.
તમ દરશનથી રેહેતા'તા ખુશી અમો,
મુખારવીંદ રહેતું'તું. આણંદમયજો;
સંસારથી વીરક્ત રેહેતા મનમાં,
દયા કરીને દરશન દો ગાહારાજજો. મહારાજા શું.
તમ દરશન વીન ચેન પડે નહી કોયને,
ગયા જગ્યાના અલંકાર માહારાજજો;
દુઃખીયાને દેખીને દુઃખ સહુ કાપતા,
તજી જગતને ગયા તમે શીરતાજજો. માહારાજા શું.
શેવક સહુ દીલગીરીમાં દીસે ઘણા,
ઘેર ઘેર વાપ્યો ગુરૂ અંતનો શોકજો;
દુર્લભ દરશન થયાં ગુરૂજી તમ તણાં,
ફોટુગ્રાફ નીરખી સંતોશે લોકજો. માહારાજા શું.

ગ્રંથકર્ત્તાની દીલગોરી.

લાવણી.

(મુજ ઉપર ગુજરી—રાહ.)

ગ્રંથ કરતા કહે છે સુણો સરવ હે ભાઇ;
મુજ ગુરૂ વીયોગની કહું બિના દુઃખદાઇ;
હું ગયો કેશરીયાનાથ જાત્રા કરવા,
નીકળ્યો’તો જોવા દેશ ગામ બહુ ફરવા.
હતો મુકામ માહારો ગામ ધુળેવા માંહી,
મુજ પીતાનો આવ્યો પત્ર બન્યો ઉત્સાહી.
ઝટ પત્ર વાંચી દીલગીરી ઉરમાં વ્યાપી,
હાય અફ્સોસની આ ઘડી પ્રભુ ક્યાં આપી.
શ્રી સરસ્વતિગર ગુરૂ સ્વર્ગ સીધાવ્યા,
ગમગીન થયો શા સમાચાર આ આવ્યા.
અફ્સોસી તણું વર્ણન એ વખતે કરતાં,
મુજ કલમ આંચકો ખાય ઘણું વર્ણવતાં.
હતો આધાર માહારે તેહ ગુરૂનો મોહોટો,
તે ગયા છોડી માહારાજ સ્નેહ કર્યો ખોટો.

(બંધ કિલ્લો બાપુ છે શું કામ—રાહ.)

ચાલો જઇએ અઘોરીને ધામ, દરશન કરવારે; ચાલો જઇએ.
દરશન કરીને પાંવન થઇશું, ભજીશું ગુરૂનું નામ; દરશન.

ઘણાં દેવસ્થાન તીહાં શોભે છે, જઇ નમીયે તમામ; દરશન.
ગાદી ઉપર બીરાજે બાવા, પ્રસીદ્ધ છે ગામે ગામ; દરશન.
શંકરરૂપ સાક્ષાત દીસે છે, રામગરજી ગુણવાન; દરશન.
ગુરૂ સમીપે શેવક સરવે, પામે ઘણો વિશ્રામ; દરશન.

(માહારા ભાગ્ય તણો નહી પાર મહીલા—રાહ.)

આનંદ આનંદ ઉર અપાર જઈએ અઘોરીને દ્વાર;
પાપ નિવારે સુખ વધારે ગુરૂ ગુણ ભંડાર;
કુમતિ કાપે સુગતિ આપે નીરાગી નીરધાર. આનંદ આ૦
રમત કરશું ગમત કરશું બેશીશું ગુરૂ પાસ;
પંચમુખીનું ધ્યાન ધરીશું થાશે દુઃખનો નાશ. આનંદ આ૦
નક્કી જાણો વાત પ્રમાણો કહું છું હીતને માટ;
નીત્ય અઘોરી દરશન કરશો, ટળશે સહુ ઉચાટ. આનંદ આ૦

સમાપ્ત.

ઊપદેશ ધૂનીકા.

બંજારા લાવણી.

(પ્રીયમીત્રવીના—રાહ.)

આ મીથ્યા જગત છે ભાઇ સંસાર અતિ દુઃખદાઇ. ટેક.
કર્યાં પુન્ય પ્રમારથ કામ તેથી મળ્યું ધંનને ધામ,
વળી જનમ્યા ઊંચકુળ માંહી સંસાર અતિ દુઃખદાઇ. આ મિથ્યા. ૧
નથી સંસારમાં કાંઇ સાર તેથી રાખ્ય પ્રભુથી પ્યાર,
કરો નીત્ય ધર્મ કમાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૨
મળ્યા માત પીતાપરીવાર વળી પુત્ર અને ઘરનાર,
તે સ્વાર્થની સગાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૩
માહારૂં માહારૂં કરે છે તું મન પણ નથી આ તાહારૂં તંન,
બળનારૂ અગ્નીમાંહી સંસાર અતિ. આ મિથ્યા. ૪
આ વૃથા મનુષ્યભવ જાયે નહીં મળે તે કોટી ઉપાયે,
માટે ધ્યાન ધરો પ્રભુગાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૫
હશે હયહસ્તીને ગાડી સ્વર્ગ રસ્તેનાવે અગાડી,
જવું તજી નથી નવાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૬
માહારૂં માહારૂં કરોછો તે શું છે જતાં પુન્ય પાપનું પુછે,
કાંઇ સમજ સમજ મનભાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૭
છે યૌવનરંગ પતંગ સદ્દગુરૂ તણો કર સંગ,

તેથી મળે જ્ઞાન સવાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૮
હતા માતાના ઉદરમાંહી અતી કષ્ટ પામ્યા ત્યાં ભાઇ,
અંતે મરીશ બહુ અટવાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૯
પરસ્ત્રી દેખીને મોહ્યો તારો જન્મ તેં એળે ખોયો,
રાખી હમેશ બે પરવાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૧૦
તજો પરનારીનો સંગ જેથી ઇજતનો રહે રંગ,
ભવભવમાં મળે ભલાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૧૧
પરદારા સંગથી લોક તારી આબરૂ કરશે ફોક,
ભજવશે ભલેરી ભવાઈ સંસાર અતિ. આ મિથ્યા. ૧૨
જેવો ચટકો રંગપતંગ જાય યૌવન જશને રંગ,
બધું દ્રવ્ય જાય લુટાઇ સંસાર અતિ. આ મિથ્યા. ૧૩

(રાગ ગોપીચંદનો.)

પ્રભુ પરમ કૃપાળુ, ક્ષમા માગુરે કર્યાં કર્મની. ટેક.
રાજ સભા જઇ જુઠ બોલીયો, કર્યો ઘણો છળભેદ;
સદ્‌ગુણીને દુઃખ આપીયાં, હવે કરૂં છું ખેદ. પ્રભુ પરમ. ૧
સંતાપ્યા ઘણા ધરમી જીવને, દીધાં કુપાત્રે દાન;
વીષય સુખમાં ખુંચી રહ્યો, પડયો કુસંગી તાન. પ્રભુ પરમ. ૨
સરવ જનથી સલાહ તજીને, પામ્યો લોકમાં તુચ્છ;
અતિ અહંકાર ધરી ઉરમાં, નાંખ્યા હાથ મેં મુછ. પ્રભુ પરમ. ૩
વ્યભિચારમાં બહુ રમીને, કાહાડયો કપટમાં કાળ;
જૂઠું બોલી સૃષ્ટી ભોળવી, કર્યું પરસ્ત્રીયા વ્હાલ. પ્રભુ પરમ. ૪
નીજ કુટુંબને સુખ ચીંતકથી, વઢી પડયો હું રોજ;

ઘણા લોકને બહુ છેતર્યાં, ઘેર્યો મદનની ફોજ; પ્રભુ પરમ. ૫
કળેશ કુંપથી બાહાર નીકળવા, નથી અવર ઉપાય;
કર્યાં અતિ કુકર્મ હાય મેં, પસ્તાવો બહુ થાય. પ્રભુ પરમ. ૬
યૌવન મદના મદ હસ્તીએ, ચડયો નીર અંકુશ;
ચાર દીવસની દેખું ચાંદની, પછી વરસસે ધુંસ. પ્રભુ પરમ. ૭

(રાગ ભરથરીનો.)

(ભેખરે ઉતારો રાજા—એ રાહ.)

દીન દયાળુના ચર્ણમાં, પ્રીતે નમાવો શીશજી;
અઘટીત કાર્ય કર્યાં ઘણાં, કરો સ્મર્ણ દીન નીશજી.
હું રે અપરાધી તારજોરો. ૧
ભવ ભવ બહુ ભટકીયો, રઝળ્યો ઝાઝી વારજી;
ધર્મ પ્રતાપથી પામીયો, આ મનુષ્ય અવતારજી. હું રે અપરાધી. ૨
યોવન મદના જોરમાં, પરણ્યો નારીના સંગજી;
લુબ્ધ થઇને ખુચી રહ્યો, કુડા કીચ પ્રસંગજી. હું રે અપરાધી. ૩
વૃધ ઉમરમાં તો થયું, અંગ બળ વીનાશજી;
ત્રીયા મોહ તાગ્યો નહીં, જકડયો પ્રેમના પાશજી. હું રે અપરાધી. ૪
માત પિતા પુત્ર કળત્ર, સર્વે સ્વાર્થનો પ્યારજી;
ત્યાગ કરી અંતે કહાડશે, નીજ ઘરની બા'રજી. હું રે અપરાધી. ૫
કાયા વાદળ છાયાનો, કરવો નહી વીશ્વાસજી,
પળ પળ રંગ જુદા કરે અંતે થાય છે નાશજી. હું રે અપરાધી.
રાય રાણા ચક્રી ગયા ફરતી અવનીમાં આણજી,
માહારૂં માહારૂં કરી લડી મર્યાં, પડયા નર્કની ખાણજી. હું રે અપરાધી

દુર્લભ મનુષ્યદેહ તો મળે નહી વારંવારજી.
પ્રભવ ખરચી સંગ્રહ કરો રાખો ભજનમાં પ્યારજી. હુંરે અપરાધી.

માઢ.

(વીરા વેશ્યાના યારી) રાહ.

પ્રભુ વિનતી અમારી લેજો સ્વીકારી સ્તુતી કરૂં જોડી હાથ,
ઘો સુમતી ભારી શેવક ધારી ઓ ત્રીપુરારી સ્તુતી કરૂં જોડી હાથ.
કર્મ બંધ નથી રહ્યો અજ્ઞાની પામ્યો ન કાંઇ જ્ઞાન.
નિજ ધર્મતું સાધન કર્યું બની ગયો પાષાણ.
મન વૈરાગ ધારી નીરખું તમારી મુરત પ્યારી. સ્તુતી. ૧.
હૃદય વિશે તમ નામ જપ્યાથી તુટે સઘળાં કર્મ.
નિર્ભય સ્થાન છે અંધ હરનારૂં આવ્યો તમારે શર્ણ.
શેવક ધારી કુમતી મારી નાંખો વીદારી. સ્તુતી કરૂં. ૨.

હરીગીત છંદ.

લપટાયો શું સંસારમાં, વિચાર તૂ મનમાં જરા;
સંતોશ ન વર્ષ્યો ચીતમાં, શેવન કરિ ઘણી અપ્સરા. ૧
સંસાર છે આ સ્વાર્થનો, પ્રમાર્થ ઉરે રાખજે;
ખૂચીશ નહિ મોહ જાળમાં, પ્રભૂ નામને તું સ્મરજે. ૨
પુત્ર પત્ની સગાં સહોદર, અંતે તો જુદાં થશે;
દિન ચારની છે ચાંદની, બદલાઇ અંધારૂં થશે. ૩
વિચાર નક્કી વાત એવી: કપટથી અળગા રહો,

વળી કુડ જુઠ અસત્યતા, કીંચિત ન મનમાં ગ્રહો, ૪
પરદારા નિજભગ્ની તૂલ્યે, દ્રઢચિત નકી રાખજે;
ખૂશી થાશે જગના ધણી, અધર્મ દુરે નાખજો, ૫
સમજી લેવી વાત સર્વે, વિચારજો નિજ ઉરમાં;
લોભાશો લલણા નુરમાં, ફજેત થાશો પુરમાં. ૬

કલ્યાણ.

(શ્રી જગપતિ—રાહ.

થયું હવે તૈયાર, બાકી નથી લગાર;
ભુલચુક માફ કરજો, વાંચી સકળ સાર. ટેક.
સતપુરશનું ચરીત્ર વર્ણવ્યું, ભાવ આણીને ઉર;
ઉપદેશધૂનીકા પૂર્ણ વાંચી ગ્રહો ગુણ જરૂર. થયું હવે. ૧
મનના ઉભરા કાહાડી, સરવે કર્યું ગ્રંથનું પુર;
સુજ્ઞજ્ઞાની ભુલ જો ભાળો, કરશો સર્વે દુર. થયું હવે. ૨
ઘણા રાગથી રચીયુ પુસ્તક, વાંચે થાય આનંદ;
પ્રીત ધરી વીલોકી જુઓ, કહે છે રત્નચંદ. થયું હવે. ૩

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સાહેબોનાં મુબારક નામ.

પાટણ.

૫ અમીન છોટાલાલ ભાઇલાલ કળાભવન સુપ્રીન્ટેન્ડેન્ટ કલાભવન.

૧ રા. રા. વ્રજભાઇ માધુભાઇ દેશાઇ રંગશિક્ષક.

૧ પટેલ. તુળશીભાઇ મથુરભાઇ રંગ શિક્ષક.

૧ રા. રા. સોમાભાઇ ગોપાળજી પટેલ શીલ્પ શિક્ષક.

૧ રા. રા. અનીરૂદ્ધ જીવનરામ જોશી પોટરી ટીચર.

૧ રા. રા. ઝવેરીલાલ છોટાલાલ ત્રવાડી રંગનીરૂપક.

૧ રા. રા. દત્તાત્રય રઘુનાથ દેશપાન્ડે ડ્રૉઇંગ ટીચર.

૧ રા. રા. હરકીશનદાસ ઇચ્છારામ મીસ્તરી જોઇનર.

૧ રા. રા. ભગવાનદાસ ઇશ્વરદાસ મીસ્તરી.

૧ ઑાતીયા કુંભાર વીઠલ લાલદાસ.

૧ સુથાર. ગોપાળ ખીમચંદ.

૧ રા. રા. છગનલાલ હરિકીશનદાસ મુખત્યાર કારકુન.

૧૦ બારોટ અમથાલાલ હરીભાઇ

૧૦ નેસ્તી. હીરાલાલ ગોરધનદાસ

૧૦ શા. ડાહ્યાચંદ પાંનાચંદ.

૧૦ રામી. લાલદાસ દયાળજી.

૬ રામી. રણછોડદાસ નારણદાસ.

૫ કણસારા. ગીરધર હરગોવન.

૫ મુથાર. ગણપતરામ કુબેર.

૫ રા. રા. માણેકલાલ પુરૂષોત્તમ માસ્તર.

૫ વૈદ. કાળીદાસ રણછોડદાસ.

૫ વોહોરા. બાપુલાલ તારાચંદ.

૩ રા. રા. રામચરણ ફલટુરામ ગુ. શા. નં. ૨ માસ્તર.

૨ રા. રા. હીરાચંદ કરમચંદ શા.

૨ કંદોઇ નારણદાસ સાંકળચંદ.

૨ ઓઝા શામળદાસ નરશીરામ.
૫ જડીઆ. મણીલાલ ગોરધન.
૧ ડાહ્યાચંદ ઊત્તમચંદ.
૧ રા. રા. દોલતરામ પ્રાણશંકર.
૧ ઝાંની હીરાલાલ રામશંકર.
૧ વ્યાસ. અંબાલાલ ગોપાળજી.
૧ ઝાંની ચુનીલાલ જ્યારામ.
૧ આચારજ મણીશંકર હરીશં-
કર કારભારી.
૧ મીસ્ત્રી. ખીમચંદ જેરાંમ.
૧ શુકલ. કેશવલાલ ગણપતરામ.
૧ મુલચંદ ગુલાબચંદ.
૧ ઠાકોર. ચીમનલાલ કાળીદાસ.
૧ વીઠલ માહાદેવ વહીવટદાર
કચેરી કારકુન.
૧ દત્તાત્રય બળવંતરાવ વહીવ-
ટદાર ક. કારકુન.
૧ ઝાંની. લીલાશંકર ગવરીશંકર.
૧ ભોગીલાલ જેશંકર.
૧ રાવળ નથ્થુરામ ગોવીંદ.
૧ પાગેદાર શંકરરાવ રઘુનાથ.
૧ ભોગીલાલ જેશંકર.
૧ રેવાશંકર છગનલાલ.
૧ નરશીલાલ ગોપાલદાસ.
૧ ગાંધી. નથુદાસ વાહાલચંદ.
૧ ત્રવાડી. લખમણ અમૃતલાલ.
૧ દવે. અંબાલાલ વીશ્વનાથ.
૧ ત્રવાડી. જેસુખરાંમ ખીમચંદ.
૧ ત્રવાડી. ચુનીલાલ જીવાચંદ.
૧ બારોટ. ગંભીરસંગ દયારામ.
૧ છોટાલાલ ગીરધરલાલ.
૧ ભાઇશંકર પ્રાણલાલ.
૧ નાંહાંનાલાલ ગોવીંદરામ.
૧ પટેલ. વીઠલદાસ ત્રીકમદાસ.
૧ પટેલ. વીઠલ નાંહાંનદાસ.
૧ પટેલ. નથ્થુલાલ કુબેરદાસ.
૧ પટેલ. વીઠલદાસ મગનદાસ.
૧ પટેલ. માણેકલાલ નથ્થુભાઇ.
૧ પટેલ. જેઠાલાલ પુરશોત્તમ.
૧ સુથાર. કરશનદાસ શીવરામ.
૧ સુથાર. હરગોવનદાસ કુબેર.
૧ સુથાર મયાચંદ છગનચંદ.
૧ પટેલ રણછોડ જેઠાભાઇ.
૧ પટેલ કુબેરદાસ જેઠાભાઇ.
૧ પારેખ રામલાલ કુબેરદાસ.
૧ પટેલ ગોવરધનદાસ લક્ષ્મી-
ચંદ.

૧ પટેલ ભીખાચંદ બાલચંદ.
૧ શા. અમથાલાલ નાંહાંનચંદ.
૧ રા. રા. માણેકલાલ લલ્લુભાઇ અફીણ પેટા ઇજારદાર.
૧ રા. રા. પુનમચંદ કરમચંદ ઝવેરી.
૧ શા. છોટાલાલ હાવજીચંદ.
૧ મંગળચંદ હાવજીચંદ.
૧ મોહનલાલ ઉત્તમચંદ.
૧ વોહોરા. સુરજમલ ગગલભાઇ.
૧ વોહોરા. લક્ષ્મીચંદ વસ્તાચંદ.
૧ વોહોરા. મણીલાલ પૂનમચંદ.
૧ શા. પોપટલાલ ખેમચંદ.
૧ વકીલ જીવણલાલ કાળીદાસ.
૧ રાવળ નાથાલાલ સદાશીવ.
૧ પંડયા ગીરધરલાલ મોતીરામ કન્યાશાળા આ. માસ્તર.
૧ પટેલ જોઇતારાંમ મુળચંદ.
૧ બારોટ પ્રભુદાસ રઘુનાથ.
૧ રા. રા. બાળકૃષ્ણ રણછોડદાસ પારેખ.
૧ રા. રા. ભાઇલાલ જગજીવન શીતલા ડાકટર.
૧ આચારજ. ગોરધનદાસ અલેકરામ ગામ ચેંમ્બવાશાળા માસ્તર.
૧ રા. રા. ભુલાભાઇ લાલભાઇ ગુ. શા. નં. ૧ આ. માસ્તર
૧ રા. રા. માણેકલાલ શામેશ્વર
૧ રા. રા. ચીમનલાલ લલ્લુભાઇ ગુ. શા. નં. ૧ આ. માસ્તર.
૧ સલાટ ઇજતરામ ત્રીકમ.
૧ શા. જેસંગલાલ ડુંગરસી.
૧ શા. ડાહ્યાચંદ પાનાચંદ. શેઠ
૧ રા. રા. વીઠલદાસ પીતાંબરદાસ. વહીવટદાર ક. કારકુન.
૧ રા. રા. પ્રાણસુખલાલ હરિભાઇ. કચેરી પારેખ.

ચાંણસમા.

૧૦ રા. રા. કાળુભાઇ જીવતરામ જીતોડા તલાટી.

એરાળુ.

૨ રા. રા. શંકર જીવા બીડી-વાળા.

૧ ઠકર. અંબારામ મુલચંદ.

૧ રા. રા. હીંમતલાલ શંકરલાલ તલાટી.

વડનગર.

૧ ઠકર પીતાંમર પુરશોતમ.

પાટણતાબે—અઘાર.

૧ ઠાકોર ઓખાજી પ્રાગજી મતાદાર.

પીહીજ.

૧ પટેલ. મથુરભાઇ ગીરધરભાઇ સ. ગુ. શાળાના હેડમા.

પટેલ ઝવેરભાઇ બાપુજી ફર્સ્ટ આ. મા. સ. ગુ. શાળા.

૧ પટેલ મંગળભાઇ હાથીભાઇ આ. સ. ગુ. શાળા.

૧ પટેલ ભાઇલાલ ધોરીભાઇ. આ. મા. સ. ગુ. શાળા.

૧ ત્રવાડી ચુનીલાલ સંભુલાલ. આ. મા. સ. ગુ. શાળા.

૧ રા. રા. ગોરધન ભુલાભાઇ. આ. મા. સ. ગુ. શાળા.

૧ રા. રા. ડાહ્યાભાઇ કાળીદાસ આ. મા. સ. ગુ. શાળા.

૧ ત્રવાડી ઓચ્છવલાલ વીઘારામ.

૧ ત્રવાડી ઝવેરીલાલ છોટાલાલ.

૧ ભટ લાલાશંકર હરગોવીંદ.

૧ ભટ અંબાલાલ મુળજી.

૫ જોશી હરીનારાયણભાઇ ગણપતરાંમ થલેડીના ઇનામદાર

૧ પટેલ બાલભાઇ ભગવાનદાસ.

૧ જોશી માણેકલાલ નરશીભાઈ

૧ પટેલ ચુનીલાલ શીવાભાઇ.

કપડવણજ.

૩ ત્રવાડી અમરતલાલ મગનલાલ.

૨ ત્રવાડી હરીલાલ ત્રીભોવનદાસ તલાટી.

૧ ત્રવાડી પ્રેમાભાઇ નાથજી.

૧ ત્રવાડી ચુનીલાલ માહાસુખરામ.

૧ ત્રવાડી હરીલાલ કેશવલાલ.

પાલણપુર.

૧ શા. મોહનલાલ વસ્તાચંદ.

પાટણ.

૩ શા. અમથાલાલ પ્રેમચંદ. સ્ટેસન રાણી માલવા રેલ્વે.

૫ શા. અમરતલાલ તરભોવનદાસ. પાટણવાળા.

પાટણ.

૧૦ શા. છોટાલાલ હાવજીચંદ.

અમદાવાદ.

૫ શા. નાનાલાલ માણેકલાલ.

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

પાટણ—પુસ્તક કર્ત્તા પાસેથી તથા વ્યાસ મોહનલાલ દલપતરામ પાસેથી. ઠે૦ ભેસાત વાડામાં.

વડોદરા—શીવલાલ બકોરભાઇ.

ઠે૦ વડોદરા કળાભવન વર્કશોપ.

જથ્થાબંધ રાખનારને સારૂં કમીશન આપવામાં આવશે.

સૂચના.

થોડી મુદતમાં તૈયાર થશે.

સદ્બોધ રત્નાવળી—આ નામનો અતિ ઉપયોગી ગ્રંથ મ્હારા તરફથી બાહાર પડનાર છે. તેની કીંમત રૂ ૧-૦-૦ રાખવામાં આવી છે.

લી.

રતનચંદ લલુભાઇ વોહોરા.

પાટણ.

